# તલાક

## કેમ અને કેવી રીતે ?

: લેખક :
ડૉ. મુહમ્મદ ફહીમ અખ્તર નદવી

: અનુવાદ :
ગુલામરાઝિક ખલીલુર્રેહમાન શેખ

: પુનરાવલોકન :
મુહમ્મદ જમાલ પટીવાલા

# અનુક્રમણિકા


૧. બે શબ્દો ........................................ ૪
૧. તલાકની સમસ્યા ........................................ ૫
૨. તલાક પહેલાં ........................................ ૬
૩. તલાક ન આપો ........................................ ૯
૪. જો મતભેદ થઈ થાય તો ........................................ ૧૧
૫. છૂટા પડવા માટે માત્ર એક જ તલાક ........................................ ૧૩
૬. ત્રણ તલાકનો મામલો ........................................ ૧૬
૭. ત્રણ તલાક પછી ........................................ ૧૮
૮. તલાક કોના માટે, પુરુષ કે સ્ત્રી ? ........................................ ૨૦
૯. ઇદ્દત વિશે કેટલીક વાતો ........................................ ૨૨

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

# બે શબ્દો

શરીઅતે તલાકને એક અ**પ્રિય** અને ખરાબ કૃત્ય ઠેરવેલ છે, એટલા માટે કે તેનાથી ન માત્ર બે ઘર, બલ્કે બે પરિ**વારોમાં** ફૂટ પડે છે અને સંબંધો બગડે છે. અલબત્ત, બગડેલ પરિસ્થિતિને સુધારવાના **તમામ** પ્રયત્નો કર્યા પછી દંપતિ દરમ્યાન એવી દૂરી અને અંતર અને નફરત પેદા **થઈ જાય** કે નિભાવનું કોઈ સ્વરૂપ ન રહે, બલ્કે બંને અલ્લાહે નિર્ધારિત કરેલ સીમાઓ પર કાયમ પણ ન રહી શકે, તો આવી મજબૂરીમાં શરઈ રીતે અલગ થઈ જવાની પરવાનગી છે. આ જ શરઈ રીતોનું વર્ણન અમારા કહેવાથી આદરણીય મૌલાના ડૉ. મુહમ્મદ ફહીમ અખ્તર નદવી સાહેબે આ પુસ્તિકામાં કર્યું છે. અલ્લાહે તેમને લખવા-વાંચવાનો ઊંડો અને સ્વચ્છ શોખ પ્રદાન કર્યો છે. ગૌણ વિષયો પર એક નજર નાખવાથી જ અનુમાન કરી શકાય છે કે તેમણે કોઈ જરૂરી વાત છોડી નથી અને સમુદ્રને કુંજામાં સમાવવાની ભરપૂર કોશિશ કરી છે. ઉલ્માએ કિરામ (ઇસ્લામના આદરણીય વિદ્વાનો) પોતાના જલ્સાઓ-સભાઓ અને મસ્જિદના ઇમામો પોતાના ખુત્બાઓ (પ્રવચનો અને વ્યાખ્યાનો)માં મુસ્લિમ સમાજની સુધારણાના વિષયને સામે રાખે અને જિહાલત (અજ્ઞાનતા, બિનઇસ્લામ)ના કારણે જે પથભ્રષ્ટતા જોવા મળે છે અને બીજા લોકો પણ તેના લીધે ગેરસમજના ભોગ બને છે, તેમને સાચી દીની માહિતી અને જાણકારી ઉપલબ્ધ કરે. ઇન્શાઅલ્લાહ આ હેતુ માટે આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

**સૈયદ નિઝામુદ્દીન**
જનરલ સેક્રેટરી,
ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ

# તલાકની સમસ્યા

માનવીને જીવંત રહેવા માટે ખોરાકની જરૂર હોય છે, દવાની નહીં. જો ખોરાકને છોડીને દવાને ખોરાક બનાવી લેવામાં આવે, તો સ્વસ્થ શરીર પણ બીમાર થઈ જશે અને જાન જોખમમાં આવી જશે. પરંતુ જો એ જ માણસ બીમાર થઈ જાય, તો સ્વસ્થ બનવા માટે દવા જરૂરી છે. દાંપત્ય જીવનમાં તલાકની હેસિયત આ દવા જેવી જ છે. તલાક, જો સમજ્યા-વિચાર્યા વગર અને બિનજરૂરી આપવામાં આવે, તો તે જીવનને બરબાદ કરી નાખે છે અને ખુશીઓના બદલે જીવનમાં અનેક પ્રકારની મુસીબતો ઘેરી વળે છે. પરંતુ જ્યારે પતિ અને પત્ની વચ્ચે નિભાવ એટલો મુશ્કેલ થઈ જાય કે, જાણે સમુદ્રના બે કિનારા જે ક્યારેય એક-બીજાથી મળતા નથી, તો તે વખતે તલાક બંનેની જરૂરત અને દરેક માટે રાહતનું કારણ બની જાય છે.

આજે આપણા સમાજમાં તલાક એક મુખ્ય સમસ્યા બનતી જઈ રહી છે. તેના પાછળનું સૌથી મોટું કારણ અજ્ઞાનતા છે. તલાકથી ઊભા થતાં પ્રશ્નોથી ગભરાઈને કોઈ તલાક ઉપર પ્રતિબંધની વાત કરે છે, અને કોઈ વળી તેને શરતોને આધીન બનાવવાની તરફેણ કરે છે. કોઈ કહે છે કે તલાકનો હક્ક સ્ત્રીને આપવામાં આવે, તો કોઈ ન્યાયાલયને તેનો અધિકાર સુપ્રત કરવા માગે છે. કેટલાક લોકો ત્રણ તલાકને એક તલાક માની લેવાને સમસ્યાનો ઉકેલ સમજે છે, તો કેટલાકના નજીક ત્રણ તલાક પછી ફરીથી લગ્નના ઉપાયો કરવાં મહત્ત્વના છે. ટૂંકમાં, તલાકના પ્રશ્ન ઉપર આજે દરેક પ્રકારની વાત અને ભાત-ભાતની ચર્ચાઓ સાંભળવામાં આવી રહી છે. શું તલાક ખરેખર એવી જ કોઈ શતરંજ છે, જેના ઉપર દરેક બુદ્ધિશાળી માણસ પોત-પોતાની ચાલ રમે ? અને શું તલાક વિશે અલ્લાહની આ પવિત્ર શરીઅતમાં, જે સૃષ્ટિના માલિક અને પાલનહારે મોકલેલ અંતિમ અને સંપૂર્ણ શરીઅત છે, અને જે ડહાપણ અને સૂઝબૂજથી ભરપૂર છે, અને જે મનુષ્યો માટે સરાસર કલ્યાણ અને ભલાઈ છે, કોઈ સ્પષ્ટ માર્ગદર્શન અને શિક્ષા નથી ?

ઈસ્લામી શરીઅતમાં તલાક વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ છે. કુર્આન અને સુન્નત (પયગંબર મુહમ્મદ સલ્લ.ના કથનો અને આચરણ)ની શિક્ષાઓથી આપણે સરળતાથી જાણી શકીએ છીએ કે તલાક ક્યારે આપવામાં આવે ? અને જ્યારે આપવામાં આવે, તો કેવી રીતે આપવામાં આવે ? આવો, આપણે તેનો વિસ્તૃત અભ્યાસ કરીએ :

# તલાકથી પહેલાં

આ સંદર્ભમાં સૌપ્રથમ આપણે એ જોઈએ કે ઈસ્લામી શરીઅતમાં તલાકની છૂટ કેમ આપવામાં આવી છે ? એ વાત સૌ-કોઈ જાણે છે કે તલાક એ લગ્ન અને નિકાહને સમાપ્ત કરવાનું નામ છે. સામાન્ય સ્થિતિમાં લગ્ન દરેક માણસની જરૂરત છે અને તે પયગંબરે ઈસ્લામ ﷺ ની સુન્નત પણ છે. લગ્ન દ્વારા જ માણસનો એક નવો પરિવાર બને છે અને એ રીતે જ માનવ-વંશનું સાતત્ય ચાલુ છે. લગ્ન એક ઈબાદત (ઉપાસના) પણ છે, કેમ કે તેના વડે જાયઝ (ઉચિત અને કાયદેસર) રીતે જાતીય ઇચ્છા (કે કામેચ્છા) પૂરી થાય છે અને હરામ (અવૈધ) જાતીય સંબંધો સામે રક્ષણ મળે છે. આવી ખૂબીઓ અને હેતુઓવાળાં લગ્નનું બંધન્ન વાસ્તવમાં વધારે મજબૂત હોવું જોઈએ, કેમ કે આ સંબંધ જેટલો મજબૂત હશે, લગ્નથી મળતાં પરિણામો એટલા જ સારા અને ઉપયોગી હશે. ઈસ્લામ લગ્ન-સંબંધને પાકો કરાર અને વચન તેમજ અત્યંત મજબૂત બંધન ઠેરવે છે. કુર્આન-શરીફમાં અલ્લાહત્આલાએ ફરમાવ્યું :

وَّاَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا۝

"અને તેઓ (પત્નીઓ) તમારી પાસેથી પાકું વચન લઈ ચૂકી છે."

(સૂરઃ નિસા : ૨૧)

કુર્આન અનુસાર લગ્ન અત્યંત પાકો કરાર અને મજબૂત વચન છે. રસૂલુલ્લાહ ﷺ એ એક સહાબીને આજ્ઞા કરી કે એ મહિલાને જઈને જોઈ લો, જેનાથી નિકાહનો સંદેશ આવ્યો છે અને કારણ એ દર્શાવ્યું કે :

إنه أحرى أن يؤدم بينكما.

"એ રીતે તમારા બંને વચ્ચેનો સંબંધ વધારે મજબૂત અને ટકાઉ હશે."

(તિરમિઝી, કિતાબુન્-નિકાહ, હ.નં.૧૦૮૭)

આમ, લગ્નના બંધનને ટકાઉ બનાવવાની અને તેને મજબૂતી પ્રદાન કરવાની કોશિશ નિકાહ પહેલાં પણ કરવી જોઈએ, અને નિકાહ પછી પણ.

લગ્ન પછી આ બંધનને મજબૂત બનાવવા માટે અલ્લાહના રસૂલ ﷺ એ બે પ્રકારની વાતો અપનાવવાનો આદેશ કર્યો છે : એક એ કે પતિ અને પત્ની બંનેના હક્કો અને બંનેની જવાબદારીઓ નિર્ધારિત કરવામાં આવે, અને બંનેથી ફરમાવ્યું કે પોત-પોતાની ફરજો અને જવાબદારીઓને અદા કરે. પતિ પોતાની જવાબદારી પૂરી કરશે, તો પત્નીને તેના હક્કો પ્રાપ્ત થઈ જશે અને પત્ની પોતાની જવાબદારી પૂરી કરશે, તો પતિને તેના અધિકારો મળી જશે. રસૂલુલ્લાહ ﷺ એ પુરુષને ફરમાવ્યું કે તમે જે ખાઓ છો એ જ પત્નીને ખવડાવો, જે પહેરો છો એ જ પત્નીને પહેરાવો, પત્નીને ખરુંખોટું ન કહો વગેરે; અને પત્નીને આપ ﷺ એ ફરમાવ્યું કે તમે પતિની વાત માનો, તેના ઘરમાં અને બિસ્તર ઉપર એવા લોકોને ન આવવા દો જેમને પતિ પસંદ કરતો ન હોય.

(તિરમિઝી, કિતાબુન્-નિકાહ : ૧૧૬૩, અબૂ દાઉદ, હ.નં.૧૮૩૦)

બીજી વાત એ કે જીવનના સફરમાં ઉતાર-ચઢાવ આવતા રહે છે. નરમ-ગરમ પરિસ્થિતિમાં બંને એક-બીજાની મનોસ્થિતિને સમજે, અને પરસ્પર ન્યાય અને સમાનતાનું વલણ ન છોડે. પુરુષને રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

لايفرک مؤمن مؤمنة، إن كره منها خلقاً رضي منها آخر.

''કોઈ મોમિન પુરુષ કોઈ મોમિન પત્નીથી નફરત ન કરે, જો તેને પત્નીની કોઈ વાત અસહ્ય લાગે તો તેની બીજી વાત સારી પણ લાગશે.'' (મુસ્લિમ, હ.નં.૨૬૭૨)

આ કેટલું સરસ ડહાપણભર્યું અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન છે ! આ એવી સાચી વાત છે, જેનો અનુભવ દરેક વ્યક્તિને થાય છે. આ દુનિયામાં કોઈ એવું નથી, જેનામાં કોઈ એક ખામી કે કમી છે, તો બીજી ઘણીબધી સારી ખૂબીઓ ન હોય. ગમે તેવા અણગમા અને ગુસ્સાના સમયે, જ્યારે પણ આ વાત સામે રહેશે, તો પોતાની જાત ઉપર કાબૂ મેળવવો અને ગુસ્સાને રોકી લેવું ખૂબ સરળ થઈ જશે. પતિને જ સંબોધન કરતાં કુર્આન-કરીમમાં ફરમાવવામાં આવ્યું :

فَإِنْ كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰ أَنْ تَكْرَهُوا شَيْئًا وَيَجْعَلَ اللَّهُ فِيهِ خَيْرًا كَثِيرًا ﴿١٩﴾

''જો તેઓ તમને પસંદ ન હોય તો બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન

હોય, પરંતુ અલ્લાહે તેમાં જ કોઈ મોટી ભલાઈ મૂકી દીધી હોય." (સૂરઃ નિસા : ૧૯)

પત્નીને આપ ﷺ એ ફરમાવ્યું કે જો હું કોઈને કોઈ માણસને સિજદો કરવાની આજ્ઞા કરતો, તો પત્નીને આજ્ઞા કરતો કે તે પોતાના પતિને સિજદો કરે.

(તિરમિઝી, કિતાબુન્‌-નિકાહ, હ.નં. ૧૧૫૯)

આ બંને વાતોને અપનાવીને પતિ-પત્ની એક-બીજા માટે સાથી બની જાય છે, પક્ષકાર નથી બનતા. બંને એક-બીજાનો ભાગ અને પાર્ટ બની જાય છે, પાર્ટી નથી બનતા; અને એક-બીજા વિશેનો આ ખ્યાલ અડધાથી વધારે પ્રશ્નોનું મૂળ કાપી નાખે છે. આ ભાવના હોવા છતાં ક્યારેક કોઈની ઉણપ સામે આવે છે, કોઈનાથી ક્યારેક કોઈ ભૂલ-ચૂક થઈ જાય છે, અથવા કોઈ કામ પૂરું નથી થતું, તો તેના ઉપર ગુસ્સો આવવાને બદલે તેના પ્રત્યે સહાનુભૂતિ પેદા થાય છે, તેને મ્હેણું મારવાને બદલે તેને સમજાવવા અને બતાવવાની લાગણી પેદા થાય છે, તેનાથી બદલો લેવાના વિચારને બદલે તેની સુધારણાનો વિચાર આવે છે, અને જ્યારે એક તરફથી આવી ભાવના અને વર્તનનું પ્રદર્શન થાય છે, તો બીજી તરફથી પણ પોતાની ભૂલ-ચૂક માટે શરમ અને બીજા માટે પ્રેમ અને આદરભાવ વધે છે. એક-બીજાથી નફરત અને અંતર માટે તેમના મનમાં કોઈ જગ્યા નથી રહેતી, અને કેવી રીતે રહે ? જ્યારે બંનેય એક-બીજાનો હિસ્સો છે, અને બંને એક થઈને જ પૂર્ણ બને છે, તો પોતાના જ અંગ અને હિસ્સાની સાથે કોઈ કેવી રીતે અજનબીઓ જેવો વ્યવહાર રાખી શકે છે ! જૂઓ, કુર્આન-કરીમ કેવી વિવેકપૂર્ણ રીતે આ સંબંધને દર્શાવે છે :

بَعْضُكُمْ مِّنْ بَعْضٍ

"તમે પરસ્પર એક (બીજાના અંગ) છો." (સૂરઃ આલે ઈમરાન : ૧૯૫)

કુર્આન આ ભાવનાની અભિવ્યક્તિ વધુ સુંદર શૈલીમાં કરે છે :

هُنَّ لِبَاسٌ لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ

"તેઓ (પત્નીઓ) તમારા માટે પોશાક છે અને તમે (પતિઓ) તેમના માટે (પોશાક છો). (સૂરઃ બકરહ : ૧૮૭)

રસૂલુલ્લાહ ﷺ એ બંને તરફના આવા જ સંબંધો વિશે ફરમાવ્યું :

النساء شقائق الرجال.

"સ્ત્રીઓ પુરુષોનો અડધો ભાગ છે."

(અબૂ દાઉદ, કિતાબુત્-તહારહ, હ.૨૩૬)

પતિ-પત્ની વચ્ચે સંબંધનું આ પાસું જ્યારે ધ્યાનમાં નથી રહેતું, ત્યારે નાની-નાની વાતો અકારણ સમસ્યા બનવા લાગે છે, કોઈ ભૂલ-ચૂક કે ઉણપ પર જાણે-અજાણે શંકાની નજર પડવા લાગે છે, વાત-વાત પર પકડ કરવાની શરૂઆત થવા લાગે છે, પછી એક તરફથી શંકા અને મ્હેણાં-ટોણા અને બીજામાં પણ ગુસ્સો અને બદલાની શૈતાની ભાવના ભડકે છે, પછી રાઈનો પહાડ બને છે, અને તણખો ભડકામાં પરિવર્તિત થઈ જાય છે, જેનાથી આખું ઘર સળગવા લાગે છે. આગ તો આગ છે ! ફેલાય છે, તો બધું બાળતી જ જાય છે. પતિ-પત્ની જ નહીં, બલ્કે બંનેના પરિવારો સળગવા લાગે છે, અને સૌથી વધારે નુકસાન તો બાળકોને થાય છે. જ્યારે પતિ-પત્ની બંને એક-બીજાને પોતાનો સાથી અને પાર્ટ નહીં સમજે, તો પછી તેઓ પક્ષકાર અને પાર્ટી બની જાય છે. આ જ ઊંધો ક્રમ અને ઊલટો દષ્ટિકોણ છે, જે જીવનની ગાડીને પાછળ લઈ જાય છે. કેવળ આ દષ્ટિકોણને સીધો કરી દેવામાં આવે અને ક્રમ પલટાવી નાખવામાં આવે, તો એક જ જગ્યાએ રહીને બંને એક-બીજા માટે શુભચિંતક બની જાય છે, અને પોતાના પ્રશ્નો ખૂબ સારી રીતે હલ કરી નાખે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

ألا واستوصوا بالنساء خيرا فإنما هن عوانٍ عندكم.

"જૂઓ, સ્ત્રીઓની સાથે સારા વર્તનની શિખામણ કબૂલ કરો, તેઓ તમારા માટે નિખાલસ મદદગાર છે." (તિરમિઝી, કિતાબુર્-રિજાઅ, હ.નં.૧૧૬૩)

## તલાક ન આપો

આમ, જ્યારે લગ્ન-સંબંધ મજબૂત હોય છે, તો તેને તોડવાની આવશ્યકતા જ નથી રહેતી. લગ્નનો આ જ ઈસ્લામી દષ્ટિકોણ છે, અને અલ્લાહ અને તેના પયગંબર ﷺ ને આ જ અપેક્ષિત છે; એટલા માટે જ રસૂલુલ્લાહ ﷺ એ તલાકથી યથાસંભવ રોક્યા છે, અને તલાકનું નુકસાન અને બૂરાઈ જુદી-જુદી રીતે દર્શાવેલ છે. પત્ની બદલવા

માટે તલાક આપવાની વાતને ઇસ્લામ સ્વીકારતો નથી. જાતીય ઇચ્છા (કામેચ્છા) જો વધારે છે, તો જાયઝ (વૈધ અને કાયદેસર) રીતે તેનેં પૂરી કરવાની પરવાનગી છે, અને સામર્થ્ય હોય અને બધાની સાથે ન્યાય કરી શકો તો એકથી વધારે પત્નીઓ રાખવાનો દરવાજો ખુલ્લો છે. પરંતુ હવસને બદલી-બદલીને પૂરી કરવા માટે પોશાક અને પગરખાની જેમ પત્ની બદલતા રહેવું સૌથી ખરાબ રીત છે.

જો આ જ ખોટી ઇચ્છા અને ખોટી ભાવના સ્ત્રીમાં પેદા થઈ જાય છે અને જાયઝ કારણ વગર તે પતિથી તલાકની માગણી કરે છે, તો અલ્લાહ તરફથી તે અત્યંત કઠોર સજાને પાત્ર ઠરે છે. જૂઓ, હદીસમાં આના વિશે શું કહેવામાં આવ્યું છે :

أيما امرأة سألت زوجها طلاقاً في غيرما بأس فحرام عليها رائحة الجنة.

"જે સ્ત્રી પોતાના પતિથી કોઈ યોગ્ય કારણ વગર તલાક માગે છે, તો તેના ઉપર જન્નતની સુગંધ હરામ થઈ જાય છે." (અબૂ દાઉદ, કિતાબુત્-તલાક, હ. ૧૮૯૯)

તલાક સામાન્ય વાતો અને નાના-મોટા ગુસ્સા પર આપવાની વસ્તુ નથી. જે રીતે નિકાહ વખતે બે શબ્દો કહીને બે અજનબી પુરુષ અને સ્ત્રી એટલા સમીપ આવી જાય છે કે એવું સામિપ્ય પરિવારના કોઈપણ અન્ય સંબંધમાં નથી જોવા મળતું, અને એ જ બે શબ્દો સંબંધનું મજબૂત બંધન સ્થાપિત કરી દે છે, એ જ રીતે બે શબ્દોથી મજબૂત સંબંધ સમાપ્ત પણ થઈ જાય છે. સંબંધને મજબૂત રાખવા માટે આ બે શબ્દોથી બચવાનો કડક હુકમ આપવામાં આવ્યો છે. આ બોલ અને શબ્દો ખૂબ જ મહત્ત્વના છે. હળવી અને નાની-સરખી તકરાર અને મામૂલી અણબનાવ પર આ શબ્દોનો ઉપયોગ એવો જ છે, જાણે ઝેર ઉઠાવીને પી લેવામાં આવે. સાવધાન ! નાનીસરખી વાત માટે આવી ભયાનક ભૂલ કરવામાં ન આવે ! રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

ثلاث جد هن جد و هزلهن جد النكاح و الطلاق والرجعة.

"ત્રણ વસ્તુઓમાં ગંભીરતા અને મજાક એક સરખું છે : નિકાહ, તલાક અને રજઅત.[1]" (તિરમિઝી, કિતાબુત્-તલાક, હ. ૧૧૮૪)

અર્થાત્, આ ત્રણે વસ્તુઓ, જે પ્રમાણે સમજી-વિચારીને બોલવાથી લાગુ થઈ જાય છે, એ જ પ્રમાણે જો મજાકમાં આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે, તો પણ તે

૧. તલાક આપેલ પત્ની સાથે અગાઉથી નક્કી કરીને ફરીથી નિકાહ કરવા. (Remarrying a divorced wife in accordance with the prescribed way).

લાગુ થઈ જાય છે. વાસ્તવમાં, આ ત્રણેય વસ્તુઓના મહત્ત્વના કારણે તેમને મજાકનો વિષય બનાવવાથી ઈસ્લામ રોકવા માગે છે; તો આવા ગંભીર અને તાત્કાલિક અસર ઊભી કરનારાં શબ્દોને આમ જ જબાન ઉપર લઈ આવવા અને મામૂલી વાતો પર તેનો ઉપયોગ કરવો અલ્લાહને સખત અપ્રિય અને ખૂબ મોટી ભૂલ છે. આવી ભૂલ કરવાથી દૂર રહો અને અકારણ-અનાવશ્યક તલાક ન આપો. જો પૂછવામાં આવે કે દુનિયામાં સૌથી ખરાબ વસ્તુ શું છે, તો તેનો જવાબ છે, તલાક ! આ જવાબ દુનિયાના સૌથી સાચા મનુષ્ય અને સૌથી મહાન પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ નો છે. આપ ﷺ એ ફરમાવ્યું :

أبغض الحلال إلى الله تعالى الطلاق.

"અલ્લાહની નજીક હલાલ (વૈધ) કાર્યોમાં સૌથી વધારે તિરસ્કારપૂર્ણ અને અણગમતું તથા અપ્રિય વસ્તુ તલાક છે." (અબૂ દાઉદ, કિતાબુત્-તલાક, હ. ૧૮૬૩)

કોઈપણ હલાલ અને જાયઝ કાર્ય આનાથી વધારે ખરાબ નથી. તલાક આટલી ખરાબ એટલા માટે છે કે તેની અસર એક વ્યક્તિ સુધી સીમિત નથી રહેતી, અને ન તો તલાકથી કેવળ બે વ્યક્તિઓ પ્રભાવિત થાય છે, બલ્કે તેનાથી બે પરિવારની એકતા તૂટી જાય છે, અને ક્રમશઃ આખા સમાજમાં તૂટફૂટ થવા લાગે છે. આટલી દૂરગામી અસરો તલાકથી પેદા થાય છે, એટલા માટે આ સૌથી ખરાબ વસ્તુ છે.

# જો મતભેદ થઈ જાય તો

એવું સંભવ છે કે પતિ-પત્ની બંને પોતાની જવાબદારીઓ અંગે સભાન અને ચિંતિત હોય, તેમ છતાં પરસ્પર મતભેદ થઈ જાય; તો આવી સ્થિતિમાં શું કરવું જોઈએ ? શું ગુસ્સામાં આવીને તલાક આપી દેવી જોઈએ ? ના, કદાપિ નહીં, તલાક જેવી મહત્ત્વની વાત ગુસ્સામાં ન કરવી જોઈએ; જો મતભેદ થઈ જાય તો એ સ્થિતિમાં કેટલીક વાતોને ધ્યાનમાં રાખો :

- મતભેદ કેમ થયો ? શું તમારાથી કોઈ યોગ્ય ફરિયાદ છે ? જો હા, તો તેને દૂર કરો. તમે કોઈ હક્ક અદા નથી કરી રહ્યા, તો તેને પૂરો કરો. પોતાની ભૂલને દૂર કરો, મતભેદ આપમેળે સમાપ્ત થઈ જશે.
- તમે બંને પોતે શાંતિથી પરિસ્થિતિની સમીક્ષા કરો. એક-બીજાને સમજાવો. સમજવા-સમજાવવાથી મતભેદો દૂર થઈ જાય છે.

- પરિવારના કોઈ શુભચિંતકને મધ્યસ્થી બનાવો, તે વ્યક્તિ બંનેની વાત સાંભળે અને બંનેને સમજાવીને ફરિયાદનો નિકાલ કરે. જેની ભૂલ છે, તેને પ્રતિબદ્ધ કરે. આ હાર-જીતનો પ્રશ્ન નથી. પોતાના જીવનને સુખદ બનાવવાની વાત છે. તેથી પોતાની ભૂલનો તરત જ સ્વીકાર કરો અને તેને દૂર કરો.
- જો મતભેદો આનાથી પણ આગળ વધી ગયા હોય, તો હવે પુરુષ અને સ્ત્રી બંનેના પરિવારજનોમાંથી એક-એક લવાદ (પંચ) નિયુક્ત કરો. લવાદ પરિવારના લોકોમાંથી લેવાનું કારણ એ છે કે તેઓ ઘરની વાતોથી વાકેફ પણ હોય છે અને સારી રીતે તપાસ પણ કરી શકે છે. આ બંને લવાદ નિઃસ્વાર્થ અને શુભચિંતક હોવા જોઈએ, અને આ બંનેનો મૂળ હેતુ મતભેદોને સમાપ્ત કરીને પતિ-પત્નીમાં સુમેળ સાવધાનો છે. બંને લવાદ પૂરી પ્રમાણિકતાથી અને ન્યાયપૂર્વક મતભેદોની સમીક્ષા કરે, અને બંને માટે નીતિ-નિયમો નક્કી કરે. જે વાતોના કારણે મતભેદો ઊભા થયા હોય, એ વાતોને કાં તો બંધ કરાવે, અથવા તેમની સીમાઓ નિર્ધારિત કરે.
- ક્યારેક એવી પણ સંભાવના હોય છે કે મતભેદોનું કારણ સ્વયં પતિ-પત્ની નથી હોતા, બલ્કે કોઈ ત્રાહિત વ્યક્તિ હોય છે. પતિ-પત્નીમાં પ્રેમ અને એક-બીજા માટે સદ્ભાવ તો હોય છે, પરંતુ ક્યારેક એવું બને છે કે સંયુક્ત કુટુંબનો કોઈ માણસ આ તરફની વાતો બીજી તરફ કરીને, અથવા જૂઠી વાતો બનાવીને, અથવા પતિ-પત્નીમાંથી કોઈ એકને પોતાની મરજી મુજબ ચાલવા માટે મજબૂર કરવાના હેતુથી બંનેને લડાવે છે. ક્યારેક મહોલ્લા અને પાસપડોશની કોઈ સ્ત્રી અથવા કોઈ પુરુષ પતિને પત્ની વિરુદ્ધ, અથવા પત્નીને પતિ વિરુદ્ધ ભડકાવે છે. આ સ્થિતિમાં પતિ અને પત્ની બંનેએ પોતાની ભલાઈ માટે આ દુષ્ટ હેતુ ધરાવતા (Evil-minded, Malicious) વ્યક્તિની વાતો ઉપર ધ્યાન ન આપવું જોઈએ, બલ્કે તેને સ્પષ્ટ મનાઈ કરી દે કે અમે અમારા મામલાઓ સ્વયં સંભાળી લઈશું. જો આવું કૃત્ય પોતાના જ ઘરનો કોઈ માણસ કે સગા-સંબંધીમાંથી કોઈ વ્યક્તિ કરી રહ્યું છે, તો પતિ અને પત્ની પોતાના આસપાસ એવું વાતાવરણ બનાવે કે આ મામલામાં બીજા કોઈને દખલ કરવાની તક ન મળે. જરૂર પડે તો પોતાની રહેવાની જગ્યા બદલી નાખે, કેમ કે માહોલ બદલાઈ જવાથી પણ જૂના માહોલના કારણે ઊભા થતાં મતભેદો સમાપ્ત થઈ જાય છે.

મતભેદો દૂર કરવા એ તો મોમિનની શાન અને ઓળખ છે, અને આ જ

અલ્લાહનો હુકમ પણ છે, બુદ્ધિ અને સમજદારીનો તકાદો પણ આ જ છે. બીજા અહિત ઇચ્છનારાઓ તો લડાવીને તમાશો જૂએ છે, કુર્આન-કરીમે આ હેતુસર જ પુરુષને બોધપ્રેરક અંદાજમાં હુકમ આપતાં કહ્યું :

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ

"અને પત્નીઓ સાથે સારી રીતે જીવન વિતાવો." (સૂરઃ નિસા : ૧૯)

કુર્આન-કરીમમાં અલ્લાહે વચન આપ્યું છે કે જો તમે મતભેદો દૂર કરવાનો પ્રયત્ન કરશો, તો અલ્લાહત્આલા તમારા વચ્ચે સુમેળ પેદા કરી દેશે. જૂઓ અલ્લાહ શું કહે છે :

وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا ۚ
اِنْ يُّرِيْدَآ اِصْلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا ۗ

"જો તમને બંને વચ્ચે વિવાદનો (અને સંબંધો બગડી જવાનો ભય) હોય તો તમે એક લવાદ પુરુષના કુટુંબમાંથી અને એક લવાદ સ્ત્રીના કુટુંબમાંથી નિયુક્ત કરી દો, જો બંનેની નિયત (ઇરાદો) સ્થિતિની સુધારણાની હશે તો અલ્લાહત્આલા બંને વચ્ચે સુમેળ પેદા કરી દેશે." (સૂરઃ નિસા : ૩૫)

આ કેટલો સુંદર ઉપાય છે, જેનાથી તૂટેલાં હૃદયોને જોડી શકાય છે. જ્યારે મતભેદ થઈ જાય તો આ કુર્આની નુસ્ખાને અપનાવો, ઇન્શાઅલ્લાહ, ન માત્ર ખુશીઓ ફરી પાછી આવી જશે, બલ્કે પ્રેમ અને લગાવ પહેલાં કરતાં પણ વધી જશે.

# છૂટા પડવા માટે માત્ર એક તલાક

એ વાત સૌ જાણે છે કે જીવનમાં ઉતાર-ચઢાવ આવતા રહે છે, એક-બીજાથી ક્યારેક ફરિયાદ હોય છે, ક્યારેક તકલીફ પણ પહોંચે છે. આ વાતો જીવનનો અનિવાર્ય ભાગ છે. ભાગ્યે જ કોઈનું જીવન આવી વાતોથી ખાલી હોય. આવી વાતો થતી રહે છે અને દૂર પણ થઈ જાય છે. આજે ફરિયાદ છે, કાલે દૂર થઈ જશે. હંગામી તકલીફો સમયની સાથે જતી રહે છે. નાણાકીય તંગી છે તો આવતી કાલે હળીમળીને કોશિશ કરવાથી અલ્લાહ સંપન્નતા પ્રદાન કરી દે છે. આવી વાતો ઉપર લગ્ન તૂટી જતું નથી, અને ન તો આવો વિચાર પણ કરવો જોઈએ. તેથી, ક્યારેય પણ એવું ન કરજો કે આવી

કોઈ વાત પર કે ગુસ્સામાં 'તલાક' શબ્દ જીભ ઉપર લાવો. સારી રીતે સમજી લો કે તલાક શું વસ્તુ છે ?

જે રીતે લગ્ન બે અજાણ્યા લોકોને એક કરે છે, તે રીતે તલાક લગ્નને સમાપ્ત કરી નાખે છે. તલાક ખરેખર એ સ્થિતિમાં છે કે જ્યારે લગ્ન સમાપ્ત કરવાની આવશ્યકતા ઊભી થાય. લગ્ન કરવા માટે મહિનાઓ સુધી વાતચીત અને દેખભાળ થાય છે. પરિવારોના વડીલો અને મિત્રો-સાથીઓથી સહાલ-મશ્વરો કરવામાં આવે છે. દરેક રીતે ખાતરી અને સંતોષ કરી લેવામાં આવે છે. પછી વ્યવસ્થિત રીતે અને વડીલોની હાજરીમાં લગ્નની કાર્યવાહી પૂરી કરવામાં આવે છે. બરાબર એ જ પ્રમાણે, જ્યારે લગ્ન સમાપ્ત કરવાની વાત આવે, તો તેના ઉપર દરેક પાસાથી વાતચીત થશે, પરિવારોના વડીલો અને શુભચિંતકોથી સલાહ-મશ્વરો કરવામાં આવશે, મઝહબી આલિમોથી આ સંદર્ભમાં શરઈ માર્ગદર્શન મેળવવામાં આવશે. પછી, આ બધું કર્યા બાદ, જ્યારે પૂરેપૂરો સંતોષ થઈ જાય કે લગ્નને સમાપ્ત કરી દેવું જ જરૂરી છે અને હવે આ જ અલ્લાહની મરજી છે, ત્યારે વડીલોની હાજરીમાં લગ્ન સમાપ્ત કરવાની કાર્યવાહી થવી જોઈએ. આનું નામ તલાક છે. કુર્આન-કરીમે સંક્ષિપ્તમાં આ વાતને આવી રીતે કહી છે :

فَإِمْسَاكٌۢ بِمَعْرُوفٍ أَوْ تَسْرِيحٌۢ بِإِحْسَٰنٍ

''પછી કાં તો સ્ત્રીને વિધિસર રોકી લેવામાં આવે અથવા ભલાઈપૂર્વક તેને છોડી દેવામાં આવે.'' (સૂર: બકરહ : ૨૨૯)

અર્થાત્, લગ્નનો હેતુ એ છે કે ભલી રીતે એક સાથે જીવન વિતાવવામાં આવે. જો આવું સંભવ ન રહે, અને મતભેદો દૂર કરવાના અને સલાહ-મશ્વરો કરવાના તમામ તબક્કાઓ પૂરા કર્યા પછી એ નક્કી થઈ જાય કે, હવે અલગ થઈ જવામાં જ પુરુષ અને સ્ત્રી બંનેની ભલાઈ છે, ત્યારે અલગ થવાની કાર્યવાહી અપનાવવામાં આવે. કુર્આન-કરીમ આવા જ પ્રસંગે લગ્ન-વિચ્છેદને દુરસ્ત માને છે. તે કહે છે કે જ્યારે પતિ-પત્ની બંનેને એવું લાગે કે બંને સુખી જીવન વિતાવી નહીં શકે અને એક-બીજાના જે હક્કો છે અને દાંપત્ય જીવન અંગેના અલ્લાહના જે આદેશો છે, તેને પૂરા નહીં કરી શકે, તો હવે બંને અલગ થઈ જાય :

فَإِنْ خِفْتُمْ أَلَّا يُقِيمَا حُدُودَ ٱللَّهِ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيمَا ٱفْتَدَتْ بِهِۦ
تِلْكَ حُدُودُ ٱللَّهِ فَلَا تَعْتَدُوهَا

"જો તમને એ ભય હોય કે તમે અલ્લાહે નિર્ધારિત કરેલ સીમાઓનું પાલન નહીં કરી શકો, તો બંને ઉપર આ મામલામાં કોઈ વાંધો નથી કે સ્ત્રી વળતર આપી દે, આ અલ્લાહના નિયમો છે, તેથી તેનું ઉલ્લંઘન ન કરો." (સૂરઃ બકરહ : ૨૨૯)

આમ, આ તબક્કે આવીને, જ્યારે તલાકની કાર્યવાહી કરવામાં આવશે, તો તેની રીત આ પ્રમાણે હશે :

- જો તમે પત્નીને મહ્ર નથી આપી, તો તેને મહ્રની રકમ અદા કરી દો.
- જોઈ લો કે પત્ની એ વખતે કેવી સ્થિતિમાં છે ? જો તે રજસ્વલાની (માસિક ધર્મ)ની હાલતમાં છે, તો હમણાં થોભી જાઓ અને તે પાક (શુદ્ધ અને પવિત્ર) થાય તે દિવસની રાહ જૂઓ. પાક થઈ ગયા પછીના દિવસોમાં પત્નીની સાથે તમારો શારીરિક (જાતીય) સંબંધ ન રહેવો જોઈએ.
- હવે તમે ઓછામાં ઓછા બે વડીલોની હાજરીમાં માત્ર એક વખત તલાક આપો, મોઢેથી એક વાર બોલવું અથવા લખી દેવું પૂરતું હશે કે 'હું તલાક આપું છું', બસ તેનાથી તલાક થઈ જશે. આ વાક્યને ફરીથી ન દોહરાવો, ન તો 'તલાક' શબ્દ ફરીથી બોલો, આ ખૂબ જ મોટી અજ્ઞાનતા (જિહાલત) છે અને તદ્દન ખોટું છે કે 'તલાક' શબ્દ ફરીથી દોહરાવવામાં આવે, અથવા ત્રણ વખત બોલવામાં કે લખવામાં આવે. આવી ભૂલ ક્યારેય ન કરજો. શું તમે જાણો છો કે આ કેટલી મોટી ભૂલ છે ? એટલી મોટી કે, જ્યારે રસૂલુલ્લાહ ﷺ ને ખબર પડી કે એક વ્યક્તિએ આ ભૂલ કરી છે અને ત્રણ વખત તલાક આપી દીધી છે, તો અત્યંત દયાળુ અને કરુણામય રસૂલ ﷺ નો ચહેરો પણ ગુસ્સાથી લાલ થઈ ગયો, ખૂબ નારાજ થયા અને આ રીતે કડક શબ્દોમાં ફરમાવ્યું :

  "મારા રહેતાં તમે લોકો અલ્લાહના ગ્રંથ (કુર્આન-મજીદ) સાથે રમત રમી રહ્યા છો !" (નિસાઈ, કિતાબુત્-તલાક : ૩૪૩)
- ગુસ્સાની આ સ્થિતિ અને વાક્યની ગંભીરતાને જૂઓ, અને અનુમાન કરો કે એકથી વધારે તલાક આપવું કેટલો મોટો ગુનો અને કેટલી ભયાનક ભૂલ છે ! કેટલાક અજાણ અને અજ્ઞાની પ્રકારના લોકો આવા પ્રસંગે તલાક ત્રણ વાર લખાવે છે અથવા કહેવડાવે છે. તેમને શરીઅતનો મામલો સારી રીતે ખબર નથી. કોઈ કાનૂની કાગળ ઉપર તલાક લખવાની આવશ્યકતા પડે, તો ત્યાં પણ કેવળ એક વાર લખો, યાદ રાખો કે છૂટા પડવા માટે માત્ર એક તલાક પૂરતી છે.

- એક તલાંક આપ્યા પછી તલાક થઈ જાય છે, અને એ જ વખતથી 'ઇદ્દત' (તલાક આપવામાં આવેલ સ્ત્રી માટે પ્રોબેશનરી સમયગાળો) શરૂ થઈ જાય છે. ત્રણ માસિક ધર્મ અથવા ત્રણ મહિનાની 'ઇદ્દત' વિતી ગયા પછી પુરુષ અને સ્ત્રી બંનેના સંબંધો સંપૂર્ણપણે સમાપ્ત થઈ જાય છે. 'ઇદ્દત' ના દિવસો સુધી સ્ત્રીનું ભરણ-પોષણ પુરુષના શિરે છે, અને આ મુદ્દતમાં પતિના ઘરે રહીને જ સ્ત્રી પોતાની 'ઇદ્દત' પૂરી કરશે.
- ક્યારેક એવું થાય છે કે 'ઇદ્દત'ના ત્રણ મહિના દરમ્યાન અલગ જીવન વિતાવતાં પોતાના પાછલા નિર્ણય ઉપર અફસોસ થાય અને કોઈ બીજી જગ્યાએ લગ્નના બદલે એ જ પત્નીથી સંબંધ જોડવાનું મન અને મત બની જાય, તો તેના માટે ફક્ત 'રુજૂઅ્' કરી લેવું પૂરતું છે. 'રુજૂઅ્' એ છે કે પતિ પત્નીને કહે કે હું તને ફરીથી પત્ની બનાવું છું, અથવા તેની સાથે પત્ની સાથે કરવામાં આવે તેવો વ્યવહાર કરી લે. સૌથી સારું એ હશે કે 'રુજૂઅ્' કરવાની વાત પણ વડીલોની હાજરીમાં કરવામાં આવે. 'રુજૂઅ્' પછી નવો સંબંધ ફરી શરૂ થઈ જશે.
- જો 'ઇદ્દત'ના ત્રણ મહિના વિતી જાય, તે પછી પણ ક્યારેક આવો ઇરાદો થાય, તો તે પછી સંબંધની રીત એ હશે કે ફરીથી નવી મહ્રની સાથે નિકાહની કાર્યવાહી કરવામાં આવે, નિકાહ પછી બંને ફરીથી પતિ-પત્ની બની જશે. એક તલાક આપવાથી આ પ્રકારની શક્યતાઓનો રસ્તો બાકી રહે છે, અને જો આ શક્યતાઓનું ધ્યાન ન રહે, તો પણ જૂદાઈ એક તલાકથી પૂર્ણ થઈ જાય છે.

## ત્રણ તલાકનો મામલો

'ત્રણ તલાક'ના મામલાની આજકાલ ખૂબ જ ચર્ચા છે, અને વિભિન્ન પ્રકારની વાતો લોકો કહેતા ફરે છે. સૌપ્રથમ એટલી વાત સારી રીતે સમજી લો કે ત્રણ તલાક આપવી ગુનો છે, અને અગાઉની વાતોને જો તમે વાંચી છે, તો તમે પૂરેપૂરી રીતે સમજી ગયા હશો કે ત્રણ તલાકની આવશ્યકતા પણ નથી. તલાક સમજી-વિચારીને અને સલાહ-મશ્વરો કર્યા પછી આપવાની વસ્તુ છે, અને કેવળ એક તલાકથી (લગ્ન-વિચ્છેદ વિના) પતિ-પત્ની પૂરેપૂરા અલગ (Seperation) થઈ જાય છે.

જો કોઈ વ્યક્તિ અલગ થવા માટે ઉપરોક્ત એક તલાકની રીત અપનાવતો નથી અને ત્રણ વાર તલાક આપી દે છે, તો આ વિશે કેટલીક વાતોને સમજી લો :

- એકી સાથે ત્રણ તલાક આપી દેવું ગુનો અને પાપ છે. આવું કરનાર વ્યક્તિ ગુનેગાર અને રસૂલુલ્લાહ ﷺ ની નારાજગીને પાત્ર છે.

- ત્રણ તલાક એકી સાથે આપવાથી તલાક થઈ જાય છે, સમગ્ર દુનિયાના 'એહલે સુન્નત વલ્ જમાઅત'ના મુસલમાનો વચ્ચે ઇસ્લામી કાનૂનની સમજૂતી અને અર્થઘટન કરનાર જે ચાર આધારભૂત મસ્લકો (પંથો કે Schools of Thought) પ્રચલિત છે, આ ચારેય ફિકહી મસ્લકો, અર્થાત્, હનફી, શાફઈ, માલિકી અને હમ્બલીમાં આવી 'ત્રણ તલાક' ત્રણ થઈ જાય છે, જેને 'તલાકે મુગલ્લઝા' (ગેરવાજબી, ઘૃણાસ્પદ, નિંદનીય તલાક) કહેવામાં આવેલ છે. આનો અર્થ એ થયો કે હવે આ બંને માટે એક થવાનો માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો.

- ભારત અને દુનિયાના જુદા-જુદા ભાગોમાં કેટલાક મુસલમાનો 'એહલે-હદીસ' મસ્લકથી જોડાયેલા છે. એ જ રીતે શીઆ પંથમાં મોટી સંખ્યા 'જાફરિયા ફિક્હ' (જાફરી ઇસ્લામી કાનૂનશાસ્ત્ર) પર અમલ કરનારાઓની છે. આ બંને મસ્લકો (પંથો)માં જો એકી સાથે ત્રણ તલાક આપવામાં આવી હોય, તો તે થઈ તો જશે, પણ તેને ત્રણ તલાક માનવામાં નહીં આવે, બલ્કે માત્ર એક તલાક માનવામાં આવશે.

- બંને પ્રકારનાં ફિકહી મતો શરઈ દલીલો પર આધારિત છે, અને જે મુસલમાનો જે મસ્લક (પંથ)થી જોડાયેલ છે, તેઓ પોતાના આલિમો (ઇસ્લામી વિદ્વાનો)થી પૂછીને આના ઉપર અમલ કરે છે.

- એકી સાથે ત્રણ તલાક, જો કોઈ મુસલમાને એ રીતે આપી કે માત્ર 'તલાક' શબ્દ કે 'તલાક' વાક્યને દોહરાવેલ છે; જેમ કે ''તલાક, તલાક, તલાક'' અથવા ''તલાક આપું છું, તલાક આપું છું, તલાક આપું છું'' તેમાં ગણતરી કે સંખ્યા નથી બોલ્યો, એટલે કે ''તને ત્રણ તલાક આપું છું'' જેવા શબ્દો નથી બોલ્યો, અને તલાક આપનાર કહે કે શબ્દોને દોહરાવવા પાછળ મારો હેતુ કે ઇરાદો માત્ર પુનરાવર્તન (Repeatation) અને તાકીદ છે, તો હનફી મસ્લકમાં તેને 'એક તલાક' માનવામાં આવે છે.

જો કે, તલાક ચાહે એક માનવામાં આવે કે ત્રણ, એટલી વાત તો નક્કી છે કે ન તો ત્રણ તલાકની જરૂરત છે, અને ન આવું કરવું સારું અને સાચું છે. આનાથી પણ આગળ એ વાતનો વિચાર કરો કે ઇસ્લામ તો મૂળભૂત રીતે તલાકને બંધ કરી દેવાની વાત કરે છે. તલાક થાય જ કેમ ? મતભેદને દૂર કરો, એક-બીજાની કમીનો સ્વીકાર કરો, ગુસ્સાને પ્રગટ કરવા 'તલાક' શબ્દને રમત ન બનાવો. પછી તલાક જ નહીં થાય. અલબત્ત, તલાક માત્ર એ લોકો માટે છે, જેમના માટે દરેક રીતે એ નક્કી થઈ જાય કે બંનેના ભાવિના જીવનની ભલાઈ અને કલ્યાણ અલગ થઈ જવામાં છે, અને આ હેતુસર જયારે તલાક આપવામાં આવશે, તો માત્ર 'એક તલાક'થી જૂદાઈ (Seperation) થઈ જશે.

આ દૃષ્ટિબિંદુ સાથે જયારે તલાકના મામલાને જોશો, જે ઇસ્લામને માનનારાઓનો દૃષ્ટિબિંદુ છે, તો પછી 'ત્રણ તલાક'ને એક કે ત્રણ માનવાની ચર્ચા તદ્દન વ્યર્થ થઈ જાય છે. તેથી નક્કી કરી લો કે :

*એક તલાક હમણાં નહીં*

*અને*

*ત્રણ તલાક કદી નહીં !*

# ત્રણ તલાક પછી

જેમ કે તમે વાંચ્યું અને સમજી લીધું કે તલાક જે સ્થિતિ અને જે સમય માટે ઇસ્લામે રાખેલ છે, ત્યાં કેવળ એક તલાકથી હેતુ સિદ્ધ થઈ જાય છે. એક તલાક પછીનો જે હુકમ અગાઉ લખ્યો છે, જો 'એક તલાક' પછી ક્યારેક ફરીથી 'બીજી તલાક'ની જરૂર પડે, અથવા 'એક તલાક'ની જગ્યાએ 'બે તલાક' આપી દેવામાં આવી, તો આ બંને સ્થિતિઓમાં 'બે તલાક'નો હુકમ પણ 'એક તલાક' જેવો છે.

'ત્રણ તલાક' ચાહે (એક પછી એક, એમ) ત્રણ વખતમાં થઈ હોય, અથવા એકી સાથે 'ત્રણ તલાક' થઈ હોય, તેઓ અર્થ એ થાય છે કે હવે હંમેશ માટે બંને અલગ થઈ ગયા. તેથી આનું નામ 'તલાકે-મુગલ્લઝા' (ધૃણાસ્પદ, નિંદનીય અને ગેરવાજબી, સૌથી ખરાબ તલાક) છે. ત્રણ તલાક પછી ફરીથી મળવાનો ઉપાય શોધવો સૌથી ખરાબ પ્રકારની મૂર્ખતા છે.

આ વિશે કુર્આન-કરીમે એક વાત કહી છે અને તેની સમજૂતી હદીસ-શરીફમાં રસૂલુલ્લાહ ﷺ એ કરી છે. તે વાત એ છે કે જો કોઈ પુરુષ અને સ્ત્રી દરમ્યાન ત્રણ તલાક થઈ ચૂકી છે, અને તે પછી સ્ત્રીના નિકાહ કોઈ અન્ય પુરુષથી થાય છે, પછી કોઈક કારણસર આ બીજા પુરુષથી લગ્ન-વિચ્છેદ થાય છે, ચાહે બીજો પુરુષ મૃત્યુ પામે છે, અથવા ત્યાંથી કોઈક જાયઝ કારણસર તલાક થઈ જાય છે, અને 'ઇદ્દત' વિતી જાય છે, તો હવે આ સ્ત્રી કોઈ ત્રીજા પુરુષથી લગ્ન કરી શકે છે. આ સ્થિતિમાં આ ત્રીજો પુરુષ તેનો પહેલો પતિ પણ હોઈ શકે છે. માત્ર આ જ એક સ્થિતિ છે, જેમાં ત્રણ તલાક પછી પહેલા પતિથી ફરીથી લગ્ન કરવાનો રસ્તો કુર્આને બતાવ્યો છે. આ એક સંજોગવસાત્ કે આકસ્મિક સંજોગનો રસ્તો છે, અર્થાત્ જો સંજોગવસાત્ આવું થાય કે સ્ત્રીનો બીજો પતિ ન રહે, તો તે હવે પહેલા પતિથી પણ લગ્ન કરી શકે છે.

રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં એક સ્ત્રી સહાબી હતી, તે એક સહાબી હઝરત રિફાઆ કરઝની (રદિ.)ની પત્ની હતી. તેમનાથી ત્રણ તલાક થઈ ગઈ, તેમણે બીજા પુરુષ હઝરત અબ્દુર્રહમાન બિન ઝુબૈર (રદિ.)થી લગ્ન કરી લીધા. લગ્ન પછી તેમને અહેસાસ થયો કે આ સાહેબ તેમના માટે જાતીય રીતે અનુકૂળ નથી. તેમણે અલ્લાહના રસૂલના દરબારમાં આવીને પોતાના નવા પતિની ફરિયાદ કરી, રસૂલુલ્લાહ ﷺ એ મામલો સમજી લીધો, પૂછ્યું કે શું તમે પહેલા પતિ રિફાઆ કરઝનીની પાસે પાછી ફરવા માગો છો, જો એવું હોય તો પછી જ્યાં સુધી બીજા પતિથી તમારો જાતીય (શારીરિક) સંબંધ ન થઈ જાય, ત્યાંથી તમારું લગ્ન-વિચ્છેદ નથી થઈ શકતું. (તિરમિઝી, કિતાબુન્-નિકાહ, હ. ૧૧૧૮)

ત્રણ તલાક પછી પહેલા પતિથી લગ્નનો આ માર્ગ સંભાવના અને આકસ્મિક સંજોગો માટે ઇસ્લામે રાખ્યો છે. આ કોઈ યોજનાબદ્ધ રીત કદાપિ નથી કે ત્રણ તલાક થઈ ગયા પછી એ જ પતિથી ફરીથી લગ્ન કરવાના હેતુસર બીજા પુરુષથી હંગામી કે નિર્ધારિત મુદ્દત માટે લગ્નની યોજનાબદ્ધ રીત અપનાવવામાં આવે.

નઊઝુબિલ્લાહ (અલ્લાહનું શરણ) ! ઇસ્લામ જેવો પવિત્ર ધર્મ આવી નિર્લજ્જ અને ઘૃણાસ્પદ રીતને સહન કેવી રીતે કરી શકે છે ! જૂઓ, રસૂલુલ્લાહ ﷺ એ આવી ઘૃણાસ્પદ રીતને અપનાવનારાઓ માટે કેટલી સખત વાત કહી છે :

لعن رسول الله ﷺ المحلل والمحلل له.

"રસૂલુલ્લાહ ﷺ એ હલાલ કરનારા અને જેના માટે હલાલ કરવામાં આવેલ હોય, તે બંને ઉપર લા'નત કરી છે." (તિરમિઝી, કિતાબુન્-નિકાહ, હ. ૧૧૨૦)

લા'નત (ફિટકાર, ધિક્કાર)થી વધારે ખરાબ અને સખત વાત બીજી કઈ હોઈ શકે છે ! આવી રીત અપનાવીને અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺ ના ધિક્કારપાત્ર બનવાથી બચો.

# તલાક કોના માટે – પુરુષ કે સ્ત્રી ?

તલાક જ્યારે પતિ-પત્ની બંનેની પરસ્પર સંમતિથી આપવામાં આવે, અને તલાક દ્વારા અલગ થઈ જવાને જ બંને સારું સમજતા હોય, તો તે વખતે એ પ્રશ્ન નિરર્થક બની જાય છે કે તલાકનો હક્ક કોને છે, અને ઈસ્લામ આ જ સ્થિતિમાં તલાકને યોગ્ય ઠરાવે છે.

જ્યાં સુધી એ પ્રશ્ન કે લગ્ન-વિચ્છેદ કોણ કરી શકે છે, તો તેનો જવાબ એ છે કે ઈસ્લામે અલગ થઈ જવાના ઘણાં રસ્તાઓ રાખ્યા છે, અને તે અલગ-અલગ સ્થિતિ માટે છે. તેમાં વાસ્તવમાં એ હેતુ કામ કરી રહ્યો હોય છે કે પતિ-પત્નીમાંથી કોઈના ઉપર જુલ્મ ન થાય, અન્યાય ન થાય, પીડિતને પીડાથી મુક્તિ અપાવવા માટે લગ્ન-વિચ્છેદની વિભિન્ન રીતો ઈસ્લામે દર્શાવી છે.

આ રીતોમાં સૌપ્રથમ અને સૌથી વધારે પ્રચલિત રીત 'તલાક' છે. આ હક્ક ઈસ્લામે પુરુષને આપ્યો છે. તલાકનો અધિકાર પુરુષને આપવા પાછળ કેટલાક કારણો છે. પહેલું કારણ તો એ છે કે ઘર જે એક સંસ્થા (એકમ)ની જેમ છે, તેનો વડો પુરુષને બનાવવામાં આવેલ છે. કુર્આન કહે છે :

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ

"પુરુષ સ્ત્રીઓના કવ્વામ[1] છે." (સૂરઃ નિસા : ૩૪)

બીજું કારણ એ છે કે ઈસ્લામ દાંપત્ય જીવનમાં નિકાહ પછી પુરુષ પર જવાબદારીઓ નાખે છે. એક એ કે પુરુષ મહ્રના રૂપમાં પોતાની પત્નીને એક યોગ્ય

૧. 'કવ્વામ' એવા માણસને કહે છે, જે કોઈ વ્યક્તિ કે સંસ્થા કે વ્યવસ્થાના મામલાઓને સારી રીતે ચલાવવા, તેની સુરક્ષા અને દેખરેખ રાખવા, અને તેની જરૂરતોને પૂરી કરવાનો જવાબદાર હોય. (તફહીમુલ કુર્આન, ભા-૧, પૃ. ૩૪૯)

રકમ આપે. બીજી એ કે જીવનભર ભરણ-પોષણ અને મકાન પત્નીને ઉપલબ્ધ કરે. પત્ની પોતાની જગ્યાએ ગમે તેટલી ધનવાન હોય, તેનું ભરણ-પોષણ પુરુષને શિરે કાનૂની રીતે અનિવાર્ય છે. આ જવાબદારી સ્ત્રીના શિરે મૂકવામાં નથી આવી. આવા કેટલાક કારણોસર લગ્ન-વિચ્છેદની પહેલી સ્થિતિ, અર્થાત્ 'તલાક'નો અધિકાર પુરુષને આપવામાં આવ્યો છે. પરંતુ આ અધિકાર કઈ સ્થિતિ માટે છે અને તેની રીત શું છે, તે પણ સ્પષ્ટ કરી દેવામાં આવેલ છે; જેની ચર્ચા અગાઉ થઈ ગઈ છે.

અલ્લાહના રસૂલ ﷺ એ ફરમાવ્યું :

إنما الطلاق لمن أخذ بالساق.

"તલાક એના માટે છે, જેણે જવાબદારી લીધી છે."

(ઇબ્ને માજહ, કિતાબુત્-તલાક : ૨૦૮૧)

લગ્ન-વિચ્છેદની બીજી રીત 'તફવીઝે-તલાક' (તલાકના અધિકારની સોંપણી) છે. આ રીત દ્વારા લગ્ન-વિચ્છેદની સહુલત સ્ત્રીને આપવામાં આવી છે. આમાં પુરુષ પોતાનો તલાકનો હક્ક પત્નીને સુપ્રત કરી દે છે, તેથી જો નિકાહ વખતે કે નિકાહ પછી પણ પુરુષ પોતાનો તલાકનો હક્ક પત્નીને સુપ્રત કરી દે છે, તો આ 'તફવીઝે-તલાક' હશે. જો પતિએ શરતની સાથે આવો હક્ક આપ્યો છે, તો શરત પૂરી કર્યા પછી પત્ની સ્વયં આ હક્કનો ઉપયોગ કરીને પોતાને તલાક આપી શકે છે, તે તલાક થઈ જશે.

લગ્ન-વિચ્છેદની ત્રીજી રીત 'ખુલ્અ' છે. આ રીત પણ સ્ત્રી માટે છે કે જો તેને એવું લાગે છે કે તે દાંપત્ય જીવનના હક્કો અને જવાબદારીઓને અદા નથી કરી શકતી, તો તે પતિથી અલગ થઈ જવાનો મામલો કરી શકે છે. સ્ત્રી મહ્રની રકમ પાછી આપશે અથવા જે રકમ નક્કી થાય એટલી રકમ ચૂકવશે, અને આ રકમના બદલામાં પુરુષ તેને તલાક આપી દેશે. આ 'ખુલ્અ' (Divorce obtained on wife's initiative) છે. રસૂલુલ્લાહ ﷺ ના જીવનમાં એક સહાબી સ્ત્રી હબીબા બિન્તે સહલ (રદિ.) હઝરત સાબિત બિન કૈસ (રદિ.)ના દાંપત્યમાં હતી, પરંતુ તેમનું ત્યાં કોઈ કાળે મન લાગ્યું નહીં. તેમણે રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવીને અરજ કરી કે મને સાબિત (રદિ.)થી કોઈ ફરિયાદ નથી, ન તેમના દીન (ધર્મ) અંગે, ન તેમના વર્તન-વ્યવહારથી મને કોઈ તકલીફ છે, પરંતુ મને એવું લાગે છે કે હું તેમના વિશે

અલ્લાહના આદેશો પૂરા કરી શકીશ નહીં. તો રસૂલુલ્લાહ ﷺ એ હબીબા બિન્તે સહલ (રદિ.)થી કહ્યું કે મહ્રમાં સાબિત (રદિ.)એ જે બગીચો તમને આપ્યો છે, તે તેમને પાછો આપી દો, અને સાબિત (રદિ.)ને કહ્યું કે તેના બદલામાં તમે તેમને તલાક આપી દો. આ જ 'ખુલ્અ' છે.

**ફસ્ખ :** લગ્ન-વિચ્છેદનો એક વધુ માર્ગ ઇસ્લામી અદાલત અને મુસ્લિમ કાઝી (ન્યાયાધીશ) દ્વારા છે. સ્ત્રીને પુરુષ વિશે ફરિયાદ છે; જેમ કે તે વીર્યહીન (નપુસંક, Impotent) છે, અથવા ભરણ-પોષણ નથી આપતો, અથવા દુર્વ્યવહાર કરે છે, અથવા પતિ ગૂમ થઈ ગયો છે, અથવા પાગલ થઈ ગયો છે, અથવા તે કોઈ પ્રાણઘાતક બીમારીમાં ગ્રસ્ત છે વગેરે, તો તે પોતાનો કેસ કાઝીની સામે પ્રસ્તુત કરશે, કાઝી મામલાની તપાસ કરશે અને અદાલતી કાર્યવાહી પૂરી કરશે, અને સંતુષ્ટ થયા પછી કાઝી સ્વયં સ્ત્રીના નિકાહ 'ફસ્ખ' (રદબાતલ, Annulment of Marriage) કરશે.

ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ દ્વારા દેશના જુદા-જુદા ભાગોમાં 'દારુલ કઝા' સ્થાપિત કરવામાં આવેલ છે, જ્યાં મુસ્લિમ કાઝીની સામે આ સંદર્ભમાં કેસ દાખલ કરી શકાય છે.

## ઇદ્દત વિશે કેટલીક વાતો

'ઇદ્દત' (તલાક આપવામાં આવેલ સ્ત્રી માટે પ્રોબેશનરી સમયગાળા) વિશે કેટલીક વાતો યાદ રાખો :

જે પ્રમાણે એક તલાક કે બે તલાક પછી ઇદ્દત હોય છે, જેનો થોડોક ઉલ્લેખ પહેલાં થઈ ચૂક્યો છે, એ જ પ્રમાણે ત્રણ તલાક પછી પણ ઇદ્દત હોય છે. ઇદ્દત ગુજારવી અલ્લાહતઆલાનો હુકમ છે, કુર્આનમાં હુકમ આપવામાં આવ્યો છે કે :

وَ أَحْصُوا الْعِدَّةَ ۚ وَاتَّقُوا اللَّهَ رَبَّكُمْ ۚ

"ઇદ્દતનો ખ્યાલ રાખો અને અલ્લાહથી ડરતા રહો." (સૂરઃ તલાક : ૧)

- ઇદ્દત ગુજાર્યા વગર સ્ત્રીના બીજા લગ્ન નથી થઈ શકતા.
- એક તલાક કે બે તલાક પછી, જેને 'તલાકે રજ્ઈ' કહે છે, આ ઇદ્દતમાં પતિ

સ્ત્રીને ફરીથી પોતાની પત્ની બનાવી શકે છે, અને જો ઇદ્દત પૂરેપૂરી પસાર થઈ ગઈ હોય તો તે ફરીથી એ સ્ત્રીથી નિકાહ કરી શકે છે.

- ત્રણ તલાક પછી, ઇદ્દતના સમયગાળામાં કે ઇદ્દત પછી, આ સ્ત્રી ફરીથી તે પુરુષની પત્ની બની શકતી નથી, સિવાય કે એવી આકસ્મિક સંજોગની સ્થિતિમાં કે જેનો ઉલ્લેખ અગાઉ 'ત્રણ તલાક પછી'ના હુકમમાં કરવામાં આવેલ છે.
- ઇદ્દતનો સમયગાળો પુરુષના ઘરમાં જ વિતાવવામાં આવે છે, અને એ ગાળામાં સ્ત્રીને ભરણ-પોષણ પણ પુરુષ આપે.
- ઇદ્દત વિતી ગયા પછી પુરુષ અને સ્ત્રી વચ્ચે કોઈ સંબંધ રહી જતો નથી. તેથી હવે સ્ત્રીના ભરણ-પોષણ કે નિભાવની જવાબદારી પુરુષના શિરે નથી. ઇદ્દત પછી પુરુષથી નિભાવ વગેરે લેવું એવું છે, જાણે કોઈ અજાણ્યા પરાયા પુરુષથી પોતાનો નિભાવ લેવામાં આવે.
- માસિક ધર્મવાળી સ્ત્રીઓ માટે ઇદ્દત સંપૂર્ણ ત્રણ માસિક ધર્મ છે. ત્રીજા માસિક ધર્મથી પાક (શુદ્ધ અને પવિત્ર) થતાં જ ઇદ્દત સમાપ્ત થઈ જાય છે.
- જો માસિક ધર્મ ન આવતું હોય તો ઇદ્દતની મુદ્દત ત્રણ મહિનાની છે.
- પરંતુ તલાક સમયે સ્ત્રી જો સગર્ભા છે, તો બાળકના જન્મની સાથે જ ઇદ્દત સમાપ્ત થઈ જશે, ચાહે બાળકનો જન્મ તલાક પછી અમુક જ દિવસમાં થઈ જાય કે ત્રણ મહિનાથી વધારે ગાળામાં બાળકનો જન્મ થાય.